ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
પ્રિ-વિતરણ/પોલીસી/૦૪
જીઆઇડીસી,ઉદ્યોગભવન,ગાંધીનગર.
તા. ૦૮/૦૨/૨૦૨૪

# // પરિપત્ર //

**વિષયઃ-** **નિગમની દહેજ અને સાયખા ઔદ્યોગિક વસાહતમાં આવેલ કેમિકલ ઝોનને "અન-સેચ્યુરેટેડ" તરીકે જાહેર કરવા બાબત.**

સંદર્ભઃ-
(૧) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/સીઆઇઆર/એકાઉન્ટસ/કોસ્ટ/૧૫/૨૦૦૦, તા.૧૧/૧૨/૨૦૦૪.
(૨) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧૬, તા.૧૯/૧૦/૨૦૦૬.
(૩) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧૪, તા.૦૧/૦૨/૨૦૧૬.
(૪) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧૬, તા.૧૨/૧૦/૨૦૨૨.
(૫) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૬, તા.૨૭/૦૭/૨૦૨૩.
(૬) નિગમના નિયામક મંડળની ૫૧૯મી સભાના ઠરાવ ક્રમાંકઃ ૭૧/પ્રિ-વિતરણ/૫૧૯, તા.૨૧/૧૨/૨૦૨૩.

વિવિધ ઔદ્યોગિક સમૂહો અને વસાહતના સ્થાનિક ઔદ્યોગિક મંડળ દ્વારા કરાયેલ રજૂઆત અનુસાર હાલમાં રાજ્યમાં કેમિકલ ઉદ્યોગોની સ્થાપના માટે જરૂરી સુવિધા ધરાવતી વસાહતની અનુપ્લબ્ધીને કારણે નવા કેમિકલ ઉદ્યોગની સ્થાપનામાં મુશ્કેલી ઉપસ્થિત થવાની બાબત તેમજ કેમિકલ ઉદ્યોગની સ્થાપનામાં ઉદ્યોગકારોને થતાં ભારે મૂડી રોકાણની બાબતો ધ્યાને લેવામાં આવી હોઈ નિગમની દહેજ અને સાયખા ઔદ્યોગિક વસાહતમાં આવેલ કેમિકલ ઝોનને "અન-સેચ્યુરેટેડ" તરીકે જાહેર કરવી અનિવાર્ય થયેલ હતી.

નિગમના નિયામક મંડળની તા.૨૧.૧૨.૨૦૨૩ ના રોજ યોજાયેલ ૫૧૯ મી સભા સમક્ષ દહેજ અને સાયખા ઔદ્યોગિક વસાહતમાં આવેલ કેમીકલ ઝોનને "અન-સેચ્યુરેટ" તરીકે જાહેર કરવા બાબતેની કાર્યસૂચિ ક્રમાંકઃ૨૯/પ્રિ-વિતરણ/૫૧૯, તા.૨૧.૧૨.૨૦૨૩ થી સાદર કરવામાં આવેલ. જે અંતર્ગત ઠરાવ ક્રમાંકઃ૭૧/પ્રિ.વિતરણ/૫૧૯ તા.૨૧/૧૨/૨૦૨૩ થી નિગમની દહેજ અને સાયખા ઔદ્યોગિક વસાહતમાં આવેલ કેમિકલ ઝોનને અન-સેચ્યુરેટેડ વસાહત તરીકે જાહેર કરવાનો ઠરાવ પસાર કરવામાં આવેલ છે.

નિગમની પ્રવર્તમાન નીતિ અનુસાર કોઇપણ ઔદ્યોગિક વસાહતને સેચ્યુરેટેડ વસાહત તરીકે જાહેર કરવા બાબતેના માપદંડ તરીકે સંપૂર્ણ વસાહતનો વિસ્તાર ધ્યાને લેવાના સામાન્ય માપદંડ અનુસાર વહીવટી સરળતા તથા નિગમનો ઔદ્યોગિક વસાહતનો હેતુ જળવાઈ રહે તે હેતુથી વસાહતના કોઈ એક ઝોન કે યુનિટને સેચ્યુરેટેડ ઝોન તરીકે જાહેર કરવા અંગે પ્રવર્તમાન નીતિ અમલી નથી. આ સંજોગોમાં સમગ્ર વસાહતના ઉપ્લબ્ધ પ્લોટ આધારે જ સમગ્ર વસાહતને એક યુનિટ તરીકે ગણીને જ સેચ્યુરેટેડ વસાહત તરીકે નિયત કરવું યોગ્ય છે. જેથી દહેજ ૧, ૨ અને ૩ વસાહતના કેમિકલ ઝોનને, સાયખા - ૧ (એ) ના કેમિકલ ઝોન તથા સાયખા - ૨ (બી) ના અરગમા કેમિકલ ઝોનને સેચ્યુરેટેડ ઝોન ગણવાની બાબત પ્રવર્તમાન નીતિને અનુરૂપ જે તે ઝોનને સેચ્યુરેટેડ ન ગણતાં વસાહતને એક યુનિટ તરીકે ગણી ઉક્ત વસાહતોને અન-સેચ્યુરેટેડ વસાહત તરીકે જાહરે કરવામાં આવે છે.

ઉપરોક્ત પરિપત્રના અર્થઘટન કરવાની અને તે અન્વયે નિર્ણય લેવાની સઘળી સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને હસ્તક રહેશે.

નિગમના તમામ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવાનો રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઈડીસી, ગાંધીનગર

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ.......... તરફ જાણ સારૂ.

<u>નકલ જયભારત સહ રવાનાઃ-</u>

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રી, તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) જનરલ મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું

મેનેજર (મહેકમ)
જીઆઈડીસી, ગાંધીનગર